ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**મિલિન્દ ગુપ્તે**
પ્રમુખ
શ્રી ગજાનન સેવા સમિતિ
મો. ૯૦૯૯૦ ૨૩૨૦૨



**જય પંચોલી**
એપ્લીકેશન એન્ડ વેબ ડેવલપર
ધી ટ્રાવેલ નેટવર્ક
મો. ૮૯૦૫૩ ૬૨૯૩૧
મો. ૮૦૦૦૩ ૧૦૩૦૬

# વાલીઓએ વિદ્યાર્થીઓનો વરઘોડો કાઢ્યો

ગાંધીનગર, તા. ૮

આજે બૉર્ડની પરીક્ષાના આરંભે વાલીઓએ વિદ્યાર્થીઓનો વરઘોડો કાઢ્યો હતો અને ખરેખર આ પરીક્ષાનો ‘હાઉ’ વાલીઓએ જ ઊભો કર્યો છે એવી સાબિતી આપી દીધી હતી.

બૉર્ડની પરીક્ષાના મહિના અગાઉથી વિવિધ માધ્યમો બૉર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓને ‘સ્ટ્રેસ ન રાખવા, તણાવ ન રાખવા, મન પર ભાર ન રાખવા’ના સંદેશા આપી રહ્યાં છે ને પાનેપાનાં ભરીને આ મતલબનું સાહિત્ય પ્રકાશિત થયું છે. તેમ છતાં પરીક્ષાના ભારથી અમદાવાદમાં તો ચારેક વિદ્યાર્થીઓએ આત્મઘાત કરવાના સમાચાર આવ્યા જ.

પરીક્ષાના ત્રણેક દિવસ અગાઉ વાલીઓએ પરીક્ષાના સ્ટ્રેસ બાબતે બૉર્ડ જવાબદાર છે એવુંય નિવેદન આપી દીધું હતું. સખ્ત ચૅકીંગ, સઘન સુરક્ષા વ્યવસ્થા અને સીસીટીવી કૅમેરા ન હોય ત્યાં ટૅબલેટ લગાવીને પણ વિદ્યાર્થીઓ પર બાજ નજર રાખવાની બૉર્ડની પધ્ધતિથી આ પરીક્ષાનો હાઉ ઊભો થયો છે એવું કેટલાય વાલીઓએ કહી નાખેલું. પણ આજે પરીક્ષા શરૂ થતાં એ જ વાલીઓએ સાબિત કરી આપ્યું કે હકીકતે પરીક્ષાનો હાઉ એમણે પોતે જ ઊભો કરેલો છે.

પોતાના પાલ્યને બૉર્ડની પરીક્ષા અપાવવા આવેલા વાલીઓએ વિવિધ શાળાઓની બહાર ગૅરશિસ્તનું એવું તો વરવું પ્રદર્શન કર્યું કે શાળામાંથી નીકળતા વિદ્યાર્થીઓને ધોળે દિવસે તારા દેખાઈ ગયા અને કેટલાય વાલીઓને એકમેક સાથે સંઘર્ષમાં ઉતરવાનો વારો આવ્યો. આજે તો વાત ઉગ્ર તકરારથી પૂર્ણ થઈ ગઈ છે પરંતુ આવતીકાલે આ જ મુદ્દે ગાળાગાળી ને મારામારી પણ થાય તો નવાઈ નહીં!

રવિવાર, સોમવારે પરીક્ષાના નંબર્સ જોવા માટે વાલીઓ આવી ગયા હોવા છતાં (ઘણા કિસ્સાઓમાં તો મમ્મી-પપ્પા અને દીકો ત્રણે આવી ગયા હતા) બૉર્ડની પરીક્ષા માટે આજે સવારે એમનાં પાલ્યોને મૂકવા માટે ન માત્ર મમ્મી અને પપ્પા પરંતુ દાદા-દાદી અને ક્યાંક કાકા-કાકી પણ આવ્યા હતા!

સ્કૂલના ગેટથી બને તેટલું નજીક પોતાનું વાહન પાર્ક કરવાનું (મોટા ભાગે આ વાહન ચારચક્રી જ હોય), બધાએ સાથે ગેટ પાસે ઊભા રહેવાનું, વાતો કરવાની, શીખામણો આપવાની, શુભેચ્છાઓ આપવાની અને વિદ્યાર્થી સ્કૂલના કંપાઉન્ડમાં દાખલ થઈ જાય પછીય ત્યાં ઊભા રહેવાનું! આમ કરીને બૉર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓ અને વાલીઓ આજે એકમેક માટે જ અડચણરૂપ બન્યા હતા અને અડચણરૂપ બન્યા હતા શાળામાંથી છૂટતા વિદ્યાર્થીઓ માટે.

હદ તો ત્યાં હતી કે સાડા નવ વાગ્યે કંપાઉન્ડમાં ઍન્ટ્રી આપવાની વાત હતી તોય વાલીઓ નવ વાગ્યા પહેલાંથી ડેરો નાખીને દરવાજે ચિપકી ગયા હતા. ન વાહન યોગ્ય સ્થાને પાર્ક કરવાની સૅન્સ કે ના તો દરવાજા



કે રસ્તાથી દૂર ઊભા રહેવાની ટેવ. ભારોભાર અશિસ્તનું જાહેરમાં પ્રદર્શન કરનારા આવા વાલીઓ પોતાના પાલ્યોને શું રીતભાત શીખવશે? એ જ જે પોતે આજે કરી રહ્યા છે?

૯.૧૫ કલાકે સ્કૂલમાંથી બહાર નીકળતાં બાળકોની હાલત એવી તો કફોડી થઈ હતી કે એમને ના તો એમના વાલીઓ દેખાઈ રહ્યા હતા કે ના તો ટૅક્સીવાળા અંકલ!

ગેટમૅન ગમે તેટલી વ્હીસલ વગાડે તોય શું ને પોલીસ કર્મચારી ગમે તેટલો વાહનવ્યવહાર સાચવવાનો પ્રયાસ કરે તોય શું? જ્યાં લોકોમાં સ્વયં શિસ્ત ન હોય ત્યાં વ્યવસ્થા સચવાય કેવી રીતે? જોકે, છેલ્લા પખવાડિયામાં અકરાંતિયાની જેમ સામાન્ય નાગરિકો ઉપર હૅલમેટ અને સીટ બેલ્ટના મુદ્દે તૂટી પડેલી પોલીસ આજે જાણે હવામાં ઓગળી ગઈ હતી!

દંડ વસૂલવા માટે એક જ સ્થાને દસ-દસ પોલીસ કર્મચારીઓ એમના અધિકારીઓ સહિત જોવા મળતા હતા, પરંતુ આજે ટોળાબંધ લોકો જ્યાં એકઠા થયા હતા ત્યાં આંગળીના વેઢે ગણી શકાય એટલા જ પોલીસ કર્મચારીઓ જોવા મળ્યા હતા! આને કહેવાય કર્મઠ પોલીસ!

### ૧૫ જેટલા ઉદ્યોગ સાહસિક વિદ્યાર્થીનીઓને સન્માનવામાં આવ્યાં

# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ગાંધીનગરમાં મહિલા સ્વાવલંબન અંગે વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરની સર્વ પ્રથમ યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલયના મહિલા ઉદ્યોગસાહસિકતા સેલ દ્વારા “એક કદમ આત્મનિર્ભરતા કી ઓર” નામના આ કાર્યક્રમનું આયોજન એલ. ડી. આર. પી હોલ, વિશ્વ-વિદ્યાલય સંકુલ, સેકટર-૧૫ ખાતે સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહેમાનો દ્વારા મહિલા ઉત્કર્ષ માટે www.wecksv.org વેબસાઈટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વધુમાં મહિલા દિન તરીકે યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ કે જેમણે ઉદ્યાગક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડી હોય તેવી ૧૫થી વિદ્યાર્થીનીઓનું મહેમાનો દ્વારાસન્માન કરવામાં આવ્યું હતું.

મહિલાઓને આત્મનિર્ભરતા તરફ લઈ જવાના આ વિશિષ્ટ પ્રયાસને બળ આપવા માટે કાર્યક્રમનાં મુખ્ય અતિથિ તરીકે આયમા ક્રિએશન્સ પ્રા. લિ.નાં ડિરેકટર મીના કાવિયાએ પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યા હતું કે, મહિલાઓ માટે નાના લઘુઉદ્યોગો માટે સારામાં સારું ભવિષ્ય છે. તેમણે પોતાની લઘુતાગ્રંથિથી બહાર આવવાની જરૂર છે, પુરાણોમાં પણ સ્ત્રીને એક શક્તિ ગણાવામાં આવી છે, પરંતુ સમયાંતર તે કયાંક દબાઈ ગઈ છે. તેને બહાર કાઢવી હોય તો પોતાની જાત પર વિશ્વાસ મૂકવો અતિ આવશ્યક છે. જયારે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ મેન્સ્ટ્રુપેડિયાનાં સ્થાપક અદિતિ ગુપ્તાએ પણ મહિલાઓને અભિપ્રેરીત કરી હતી.

આ પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડો. કનુભાઈ પટેલ, યુનિ. ડાયરેકટર ડી. ટી. કાપડીયા ઉપસ્થિત રહ્યા હતા.





## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
જય ગંગાજલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
લંડન હૅઝ ફૉલન (અંગ્રજી)
૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦
લંડન હૅઝ ફૉલન (હિન્દી)
૧૨.૦૦, ૪.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
ઝુબાન
૨.૩૦, ૧૦.૦૦
ફિલ્લમ (ગુજરાતી)
૫.૦૦

**સ્ક્રીન-૫**
નીરજા
૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
જય ગંગાજલ
સવારે ૧૦.૦૦

# વાલીઓ દ્વારા શિક્ષકોને પ્રવાસની અનોખી ભેટ







માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના વાલીઓના ગુજરાતના સૌથી પહેલા સંગઠન ‘સોસાયટી ફોર વેલ્ફેર ઑફ મૅન્ટલી રીટાર્ડેડ’ (ઍસડબલ્યુએમઆર), અમદાવાદ દ્વારા એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન રવિવારે કરવામાં આવ્યું હતું. માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના અમદાવાદ અને ગાંધીનગરમાં કાર્યરત પ્રશિક્ષકોને આ વાલીઓ દ્વારા એક પ્રવાસની ભેટ આપવામાં આવી હતી. પોળોના જંગલ વિસ્તારના કુદરતી વાતાવરણમાં સઘળા પ્રશિક્ષકોને વાલીઓ દ્વારા પ્રવાસે લઈ જવામાં આવ્યા હતા અને નિસર્ગને ખોળે બેસીને રોજિંદા ક્રમથી મુક્ત થવાનો, હળવા થવાનો એક સુંદર મોકો તેમને આપવામાં આવ્યો હતો.

# આશીર્વાદ ઍજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા દીકરીઓ માટે હિમોગ્લોબિન કૅમ્પ



ગાંધીનગર, તા. ૮

આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટની મેડિકલ વિંગદ્વારા આજે વિશ્વ મહિલા દિવસની ઉજવણી નિમિત્તે દીકરીઓ-મહિલાઓ માટે વિનામૂલ્યે હિમોગ્લોબિન ચેક-અપ કેમ્પ યોજવામાં આવ્યો હતો અને જે મહિલાઓમાં હિમોગ્લોબિનનું પ્રમાણ ૧૦થી ઓછું આવે તેમને હિમોગ્લોબિન વધારવા માટે એક માસની દવા વિનામૂલ્યે આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટ્રસ્ટના સંયોજક હિનાબેન જરીવાલાએ જણાવ્યું હતું કે ટ્રસ્ટ શાળાઓની બાળાઓ માટે નારણપુરાની મીરામ્બિકા સ્કૂલની બાળાઓને તથા વિકાસગૃહ, પાલડીની બહેનો માટે સંસ્થા ઉપર જઈને હિમોગ્લોબિનના સૅમ્પલ લેવાની અને રેન્ડમ બ્લડ-સ્યુગર તથા વજન, ઊંચાઈ વગેરે ચેક-અપની વ્યવસ્થા સંસ્થા દ્વારા ગોઠવવામાં આવી હતી તથા હિમોગ્લોબિન વધારવા માટે એક માસની દવા આપવા કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# મન ગોઠે ત્યાં મેલ દીવો, બીજી રીતો રહેવા દે



**રસ્તા વસંતના**
રેખા ભટ્ટ



### જળને ઝાંપે

તું સમજે જે દૂર, તે સાવ જ તારી કને,
ફૂલ અને ફોરમનો કેવું એક ઉતારે બને !
બની શકે તો સ્થિર ઉભેલા ઝાડ સામું જો,
આખેઆખા લીલાછમ ઉઘાડ સામે જો,
નાભી જેવું નગર વસાવી, મૃગ ભટકે વનવને...
કાં નીકળી જા બા’ર સદંતર, કાં ઉતરી જા અંદર,
જળને ઝાંપે ઝૂલે સમંદર, નહીં બેટ નહીં બા’રુ બંદર
નદી કુંડીમાં ના’વા ઉતરી, દરિયો ઊભે પને...
મળવું એ જ હો મનસૂબો તો નકશા નાખ ધરામાં,
સૂરજ વાવમાં પાણી ગાળે, ચાંદો રમે ચરામાં,
સરખું ઉતરે સામૈયું, તો રજની રેલે દનો...
મન ગોઠે ત્યાં મેલ દીવો, બીજી રીતો રહેવા દે,
જળ પવન ને અજવાળાને એની રીતે વહેવા દે,
ઘડા માંયલી આકુળવેળા, ગગન થવા થનગને...

**- દલપત પઢિયાર**

દલપત પઢિયાર એટલે આપણા જ ગાંધીનગરના જાણીતા કવિ. ખૂબ સુંદર હોય છે એમની કવિતાઓ. અને એથી યે સુંદર એમનો સૂરીલો કંઠ. હું નસીબદાર છું કે મને એમનાં જ રચેલાં ગીતો, એમના જ કંઠે સાંભળવાનો લ્હાવો મળ્યો છે, એક કરતાં અનેક પ્રસંગે. ખાસ કરીને ‘બૃહસ્પતિ સભા’ના ઉપક્રમે... આપમા અન્ય જાણીતા કવિ કનૈયાલાલ મ પંડ્યાના પ્રમુખસ્થાને દર ગુરુવારે મળતી ‘બૃહસ્પતિ સભા’માં જના ઘણા બધા કવિઓ-લેખકો સ્વરચિત કૃતિ રજૂ કરતા ને આખો સાહિત્યિક માહોલ રચાતો જે અવિસ્મરણીય છે.

કવિ શ્રી દલપત પઢિયાર પાટ પર દીવો પેટવી બેઠેલા કવિ છે. એમની કવિતાો આંતરમની ખોજ તરફ લઈ જાય છે. બહારની દુન્યવી જંજાળથી નજર ફેરવી લઈ ભીતરમાં બેઠેલા પરમતત્ત્વ સાથે એકાકાર થઈ જવાની વાત એમની કવિતામાં તાદશ થાય છે.



અગમ-નિગમની વાતો કરવા બેસીએ તો એનો તો કંઈ પાર જ નથી. જેટલાં શાસ્ત્રો એટલા મત. અને એનાં પણ એટલાં જ ટીકા-ટીપ્પણો. આ બધામાં આપણી ચાંચ ડૂબી તો ડૂબી, નહીં તો રામ-રામ... પણ આપણા કવિએ ખૂબ સહેલું કરી આપ્યું કે ઈશ્વરને શોધવો જ હોય તો પોતાની અંદર જ શોધો. બીજે ક્યાંય દૂર-દૂર સુધી ભટકવાની જરૂર નથી.

ફૂલ અને ફોરમને... એના સંયુક્ત અસ્તિત્વને પામીએ તો જ ફૂલની શોભા, રંગ, સુગંધ માણી શકાશે. અદ્દલ એમ જ આપણી ભીતરના પરમ તત્ત્વ સાથે જ અનુસંધાન થઈ જાય, જ્યારે આપણે અલગથી એને બીજે ક્યાંય શોધીએ નહીં તો!

અને ચૈતન્ય ક્યાં નથી? સામે ઉભેલા લીલાંછમ્મ વૃક્ષોમાં, રંગબેરંગી પતંગિયામાં કે આકાશ ભરીને ચમકતા તારાઓમાં... સર્વત્ર સર્વશક્તિમાન પરમ તત્ત્વની હાજરી અનુભવાય છે. આપણી આસપાસનાં પંચમહાભૂત એકબીજા સાથે જોડાયેલાં છે. એવું કહી શકાય કે તમે નાનકડું ફૂલ તોડો ત્યારે એનો હળવો કંપ આકાશના તારા પણ અનુભવે છે. પૂનમનો ચંદ્ર આખેઆખા દરિયાને ઉપર-તળે કરી મૂકે છે અને એ જ તત્ત્વોથી આપણે ઘડાયાં છીએ તથી જે કંઈ ચૈતન્ય અવિરતપણે બહાર છલકાય છે તે જ પરમતત્ત્વ આપણી ભીતર પણ બિરાજમાન છે. જરૂર છે માત્ર શાંત થઈને થોડીક અંદર નજર કરવાની. બધી વ્યાકુળતા છોડી દઈને સ્થિર થવાની અને પછી અંદર-બહાર બધું એકાકાર થઈ જતાં વાર નથી લાગતી.

અને ભીતરમાં બેઠેલો ઈશ્વર એટલે શું? રાગ-દ્વેષ, ઈર્ષા, ક્રોધ, જૂઠામાંથી દૂર થઈને આપણી દરેક પળને આનંદથી માણતાં શીખી જઈએ. ગમતાંનો ગુલાલ કરીએ અને એમાંથી આનંદ શોધીએ. પછી શાંત થયેલા મનમાં સ્થિરતા અને સરળતા અનુભવાય એ જ આપણો ઈશ્વર!

‘સરખું ઉતરે સામૈયું તો રજની રેલે દને...’

### વિશ્વ મહિલા દિવસ નિમિત્તે

# નીલમ જૈનને ‘જીરાવાલા પુરસ્કાર’ આપી સન્માનિત કરવામાં આવ્યાં

ગાંધીનગર, તા. ૮

‘જિનેન્દુ’ પત્રિકાનાં સહતંત્રી નીલમ જૈનને ‘જીરાવાલા પુરસ્કાર’ વિશ્વ મહિલા દિવસ નિમિત્તે અર્પણ કરવામાં આવ્યો છે.

આ માટે એક કાર્યક્રમનું આયોજન શ્રી વર્ધમાન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, ઉસ્માનપુરા, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ઉક્ત પુરસ્કાર અહિંસા, શાકાહાર, સંયમિત જીવન અને જૈન સમાજના આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રચાર-પ્રસાર માટે આપવાનું નિયત કરવામાં આવ્યું છે.

પૂ. આચાર્ય રશ્મીરલજી મહારાજે જિનેન્દુ સમાચારપત્રની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે નીલમ જૈન દ્વારા પોતાના લેખોથી જૈન સમાજની સેવા કરવામાં આવી રહી છે, જે જૈન ધર્મ માટે ગર્વની વાત છે. જિતેન્દ્રકુમારજીના સ્વર્ગવાસ પછી નવી પેઢીએ જિનેન્દુને પૂરી લગન અને મહેનતથી આગળ વધારવાનું કામ નીલમ જૈન કરી રહ્યાં છે, જે પ્રશંસનીય છે, સમાજ માટે ઉપયોગી છે ને મહિલાઓ માટે પ્રેરણાદાયી પણ છે.

આ પ્રસંગે સમાજસેવકો, ભાવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમણે નીલમ જૈનને આ પુરસ્કાર માટે અભિનંદન પાઠવ્યા હતા.